

ચિલોડામાં મોહરમ નિમિત્તે તાજીયા નિકળ્યા

કરબલાના શહીદોને શ્રધ્ધાંજલી આપવાના તહેવાર મોહરમ નિમિત્તે ચિલોડા ખાતે મુસ્લિમ સમુદાય દ્વારા તાજીયા કાઢવામાં આવ્યા હતા અને માતમ મનાવ્યો હતો. આ તાજીયા ઝુલુસમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા અને યા હુસેનના નારા લગાવ્યા હતા. મહિલાઓએ પણ મરશિયા ગાઈને માતમ મનાવ્યો હતો. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ઓઈલ ચોરીમાં પકડાયેલા બે શખ્સો પાસામાં ધકેલાયા

અઢી મહિના પહેલા ઓએનજીસીમાંથી ઓઈલ ચોરતા ઝડપાયા હતા

ગાંધીનગર, તા. ૪

અઢી મહિના પહેલા જિલ્લાના કલોલ તાલુકામાં સ્થિત ઓ.એન.જી.સી.માંથી ઓઈલ ચોરી કરતા રંગેહાથ ઝડપાઈ ગયેલા બે શખ્સોને પાસા હેઠળ ધકેલવા ગાંધીનગર એલસીબીએ દરખાસ્ત કરી હતી. જિલ્લા મેજીસ્ટ્રેટ બંનેની પાસા મંજુરના હૂકમ કરતાં એલસીબીએ બંનેની અટકાયત કરી પાસા હેઠળ વડોદરા જેલમાં મોકલી આપ્યા છે.

કલોલ તાલુકાના વડાવસ્વામી ગામની સીમમાં સ્થિત ઓ.એન.જી.સી.ના કુવા પરથી ૧૮૦૦ લીટરની ચોરી કરતા બે શખ્સો રંગેહાથ ઝડપાઈ ગયા હતા. ૨૫ ઓગસ્ટે રૂ. ૭૨ હજારના ચોરીના ઓઈલ સાથે પકડાઈ ગયેલા બલવિર બૈજનાથસિંહ ચૌહાણ અને સંજય સપન હલ્દાર સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. બંને શખ્સોને પાસામાં ધકેલવા થયેલી દરખાસ્તને પગલે જિલ્લા મેજીસ્ટ્રેટ બંને સખ્સોનો પાસા હેઠળ અટકાયત કરવા હુકમ કર્યો હતો. ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમે બંનેની અટકાયત કરીને વડોદરા જેલ ખાતે મોકલી દીધા છે.

છાલા ખાતે હસુદાદા પીરના ઉર્સ નિમિત્તે ભવ્ય મહેંદી-રોશન જુલુસ નીકળ્યુ

હિન્દુ-મુસ્લિમ સમુદાયના શ્રદ્ધાળુઓએ ખભેખભા મિલાવી કોમી-એખલાસ ભર્યા વાતાવરણમાં મહેંદી કાઢી : મહેંદીના જુલુસને નિહાળવા માનવ મહેરામણ ઉમટ્યું

ચિલોડા, તા. ૪

ચિલોડાથી હિંમતનગર તરફના નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ છાલા ગામે હજરત હસુદાદા પીરની દરગાહે દર વર્ષની માફક આ વર્ષે પણ ઉર્સ શાનો-શૌકતથી મનાવવામાં આવ્યો હતો. આ ઉર્સ નિમિત્તે છાલા ગામમાંથી કરવટાની મહેંદી રોશન કાઢવામાં આવી હતી જેમાં હિન્દુ-મુસ્લિમ સમાજના અનેક લોકોએ જોડાઈ અનોખી કોમી એકતાના દર્શન કરાવ્યા હતા.

છાલા ગામમાં દર વર્ષે કાઢવામાં આવતી આ મહેંદી રોશન જોવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે. સાંજે ૭ વાગે કરવટાથી નિકળેલી મહેંદી અર્બુદાચોક થઈ હાઈવે પર હસુદાદા પીરની દરગાહે મોડી રાત્રે પહોંચી હતી. હિન્દુ-મુસ્લિમ બંને સમાજના લોકોએ પોતપોતાની માનતા મુજબ મહેંદી કાઢી હતી અને ગ્રામજનોએ તેમાં તેલ-ઘી પુરાવ્યા હતા. સુથાર દ્વારા પીપળના લાકડામાંથી બનાવેલ પ્રજવલ્લિત જ્યોત સાથેની એક સાથે ૪૦૦ થી પણ વધુ મહેંદીના કારણે સમગ્ર જુલુસ ખૂબ જ ભવ્ય દેખાયુ હતુ અને જેને જોવા માનવ મહેરામણ ઉમટ્યો હતો.

દર વર્ષે નીકળતી આ મહેંદીરોશનમાં હિન્દુ-મુસ્લિમ સમાજના લોકોએ શ્રદ્ધાપૂર્વક ખભેખભા મિલાવી કોમી-એખલાસના દર્શન કરાવ્યા હતા. ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.એમ. પ્રિયદર્શી અને તેમની ટીમે ચુસ્ત બંદોબસ્ત દ્વારા આ ઉત્સવ શાંતિપૂર્ણ રીતે કોમી-એખલાસભર્યા વાતાવરણમાં ઉજવાય તેની તકેદારી રાખી હતી.

(તસવીર : નટુભાઈ પટેલ)

છાલા પાસેથી દારૂ-બિયર ભરેલી સ્વીફ્ટ ગાડી પકડાઈ

દારૂ-બિયરની ૪૪૧ બોટલ અને ટીન મળીને ૩.૪.૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત : બે ની ધરપકડ

ગાંધીનગર, તા. ૪

ચિલોડા પોલીસ છાલા ગામે મહેંદી અનુસંધાને બંદોબસ્તમાં હતી તે દરમ્યાન રાત્રે બાતમી મળી હતી કે હિંમતનગરથી ચિલોડા હાઈવે પર દારૂ-બિયરનો જથ્થો ભરેલી સ્વિફ્ટ ગાડી પસાર થઈ રહી છે. છાલા પાસે વોચ ગોઠવીને પોલીસે બાતમીવાળી ગાડી પકડી દારૂ-બિયર સહિત રૂ. ૪.૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બે શખ્સોની ધરપકડ કરી લીધી છે.

ચિલોડા પી.આઈ. કે.એમ. પ્રીયદર્શી તથા તેમની ટીમ ગઈકાલે બંદોબસ્તમાં હતી તે દરમ્યાન દારૂ-બિયરનો જથ્થો ભરેલી સ્વીફ્ટ ગાડી હિંમતનગરથી ચિલોડા હાઈવે પર પસાર થઈ રહી હોવાની બાતમી મળતા છાલા પાસે વૉચ ગોઠવીને ચિલોડા પોલીસની ટીમે સ્વીફ્ટ ગાડી પકડી પાડી હતી. સ્વીફ્ટ ગાડી નં. આર.જે.૨૭-સી.બી.-૪૫૮૦ ને ઉભી કરાવી દઈ અંદર તપાસ કરતા વિદેશી દારૂની બોટલો તથા બિયરના ટીન મળીને ૪૪૧ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ. ૧,૨૫,૪૦૦ની કિંમતનો દારૂ-બિયર તથા રૂ. ૩ લાખની કાર મળીને કુલ રૂ. ૪,૨૫,૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી રાજસ્થાન ઉદેપુરના બે શખ્સો કિશન ભીમાજી મીણા અને અનિલ હકરાજી મીણાની ધરપકડ કરી સઘન પુછપરછ શરૂ કરી છે.

(તસવીર : નટુભાઈ પટેલ)

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામે ઈસનપુર તરફના માર્ગે તા. ૩જી નવેમ્બરે મોડી સાંજે એક ટ્રકટર ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા આ ટ્રેકટર રોડ સાઈડના એક વીજ થાંભલા સાથે ભટકાયું હતું. ટ્રેકટર અથડાવાના કારણે વીજ તાર ભેગા થઈ જવાથી ધડાકા સાથે તણખા ખર્યા હતા જેના કારણે ભારે ચમકારો-અજવાળું થયું હતું અને આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા. આ અકસ્માતની જાણ વિદ્યુત કંપનીમાં કરવામાં આવતા અડધા કલાકમાં વીજ પ્રવાહ બંધ કરી દેવામાં આવ્યો હતો. ટ્રેકટરની ટકકરના કારણે વીજ થાંભલો તુટી જવા પામ્યો હતો જેને બીજા દિવસે સવારે વીજ કંપનીના કર્મચારીઓ દ્વારા નવો થાંભલો નાંખીને બદલી દેવામાં આવ્યો હતો. નવો થાંભલો નાંખ્યા બાદ વીજ પ્રવાહને પુનઃ ચાલુ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગરમાં વસતા શીખ પરિવારો દ્વારા ૧ નવેમ્બરથી ૭ નવેમ્બર સુધી ગુરૂદ્વારા પરિસર સેક્ટર-૩૦ થી સવારે ૫ વાગ્યે પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું છે. મહિલાઓ બાળકો આ પ્રસંગે ગુરૂનાનકજી અને ગુરૂ ગોવિંદસિંહજીના ભજનો ગાતા તેમને યાદ કરે છે. (તસવીર : કશ્યપ નીમાવત)

અમદાવાદ વનડે : ટિકિટ મેળવવા ચાહકોનો ધસારો

અમદાવાદ,તા. ૪

અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ઉપર ભારત અને શ્રીલંકા વચ્ચે ગુરૂવારના દિવસે રમાનારી વનડે મેચને લઈને તમામ તૈયારીઓ એક બાજુ તંત્ર દ્વારા કરી લેવામાં આવી છે જ્યારે બીજી બાજુ અમદાવાદમાં ક્રિકેટ ફિવર ફરી વળ્યુંછે. આજે ટિકિટોના વેચાણના બીજા દિવસે મોટેરા સ્ટેડિયમ ઉપર ચાહકો ઉમટી પડ્યા હતા. ટિકિટ બારી ઉપર ભારે ભીડ જોવા મળી હતી. ટિકિટોનું વેચાણ શરૂ થયા બાદથી જ ભારે ભીડ જોવા મળી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છઠ્ઠી નવેમ્બરના દિવસે મોટેરામાં સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે વનડે મેચ રમાનાર છે. બંને ટીમો ત્રીજી નવેમ્બરના દિવસે અમદાવાદ પહોંચી હતી. વનડે મેચ ડે ડેનાઈટ હોવાથી વધારે ઉત્સુકતા જોવા મળી રહી છે. બંને ટીમો ચોથી અને પાંચમી નવેમ્બરના દિવસે નેટ પ્રેક્ટિસમાં વ્યસ્ત રહેનાર છે. આજે શ્રીલંકન ટીમે નેટ પ્રેક્ટિસમાં ઘણો સમય ગાળ્યો હતો. ખાસ કરીને માહેલા જયવર્ધનેએ બેટિંગમાં ભારે પ્રેક્ટિસ કરી હતી. સોમવારથી સ્થળ ઉપર આવેલા કાઉન્ટર પરથી અમદાવાદ મેચ માટેની ટિકિટોનું વેચાણ શરૂ થયું હતું. મોટેરા સ્ટેડિયમની કુલ ક્ષમતા ૪૮૦૦૦ની છે પરંતુ ૩૫૦૦૦ ટિકિટો જ કાઉન્ટર મારફતે ચાહકો માટે ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. બાકીની ટિકિટો બીસીસીઆઈને આપવામાં આવનાર છે. બીસીસીઆઈ દ્વારા આ ટિકિટો જુદા જુદા સંબંધિતો અને એસોસિએટ્સ સભ્યોને આપનાર છે. અમદાવાદમાં છઠ્ઠીએ મેચ મારાયા બાદ બાકીની મેચો નવમી નવેમ્બરે હૈદરાબાદમાં, ૧૩મી નવેમ્બરે કોલકાતામાં, ૧૬મી નવેમ્બરે રાંચીમાં વનડે મેચ રમાશે. તમામ મેચો ડેનાઈટ છે જેથી ૧.૩૦ વાગે મેચ શરૂ થશે. વિન્ડિઝ ક્રિકેટ બોર્ડ સાથે નાણાને લઈને વિવાદ થયા બાદ તેના પ્રવાસથી વિન્ડિઝની ટીમ અધવચ્ચે ખસી ગઈ હતી જેના લીધે શ્રીલંકન ક્રિકેટ ટીમને આમંત્રણ આપવામાં આવ્યું હતું. શ્રીલંકન ટીમ પાંચ વનડે મેચો રમનાર છે. શ્રીલંકા ભારતમાં આવ્યા બાદ હવે ભારતને પણ જુલાઈ-ઓગસ્ટ ૨૦૧૫માં શ્રીલંકાનો પ્રવાસ કરવો પડશે. શ્રીલંકન ટીમ મૂળભૂતરીતે આગામી વર્ષે ટેસ્ટ મેચ માટે આવનાર હતી.

ખનીજની ગેરકાયદે હેરાફેરીમાં વોન્ટેડ સે-૧ ઉનો શખ્સ ઝડપાયો

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ પ્લોટ નં. ૧૦૬૨/૧ ખાતે રહેતો અને પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં

ખનીજની ગેરકાયદે હેરાફેરીના ગુનામાં ઘણા સમયથી વોન્ટેડ શખ્સ સેકટર-૭ પોલીસની ઝપટમાં આવી ગયો હતો. નકલી પરવાના બનાવી ખનીજની ગેરકાયદે હેરાફેરી ના ગુનામાં વોન્ટેડ જૈમિન પ્રહલાદ પટેલની પીએસઆઈ એ.કે. ભરવાડે ધરપકડ કરી પ્રાંતિજ પોલીસને સોંપી દીધો છે.

આજે સે-૩-સી ખાતે આનંદનો ગરબો

મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો આજ રોજ બુધવારે બપોરે ૨ થી ૫ દરમિયાન સેકટર-૩-સીના શિવશકિત મંદિર ખાતે યોજવામાં આવશે. ગરબામાં ભાવિ ભકતોને પધારવા પ્રફુલાબેન ભાવસારે આમંત્રણ પાઠવ્યું છે.

ભારત-શ્રીલંકા વચ્ચે ૬ નવેમ્બરના રોજ રમાનાર ક્રિકેટ મેચને જોવા અત્યારથી જ દર્શકો લાંબી કતારોમાં ઉભેલા જોવા મળે છે. મોટેરા સ્ટેડિયમની બહાર કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. (તસવીર : કશ્યપ નીમાવત)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૮
સૂર્યાસ્ત : ૫.૫૯

તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૦ ડિ.સે.

મનોરંજન

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
સુપર નાની : ૧૨.૪૫, ૩.૩૦, ૧૦.૦૦
રોર : ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ફુરી (અંગ્રેજી) : ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦
: સ્ક્રીન-૪ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
રોર : ૧.૩૦, ૧૦.૦૦
હૈદર : ૪.૦૦
કરંટ તીગા (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
સુપર નાની : ૧૨.૪૫, ૬.૪૫ ● રોર : ૩.૪૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
: સ્ક્રીન-૬ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦ ● રોર : ૧૦.૦૦
સુપર નાની : ૬.૩૦
હૈદર : ૪.૦૦

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૪૫, ૨.૩૦, ૬.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હેપ્પી ન્યુ ઈયર :૯.૩૦, ૧.૧૫, ૫.૦૦, ૮.૪૫
સ્ક્રીન-૩ :
સુપર નાની : ૯.૧૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૦૦, ૩.૩૦, ૭.૧૫
રોર : ટાઈગર ઓફ સુંદરવન : ૧૧.૦૦
સ્ક્રીન-૪ :
રોર : ટાઈગર ઓફ સુંદરવન : ૯.૩૦, ૨.૫૦, ૮.૧૦
સુપર નાની : ૧૨.૦૫, ૫.૪૫, ૧૦.૪૫

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૨ :
સુપર નાની : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
રોર : ૧.૩૦, ૭.૩૦
સ્ક્રીન-૩ :
રોર : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
સુપર નાની : ૧.૧૫, ૭.૧૫

આપની આજ

મેષ : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે.

વૃષભ : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. આરોગ્યલક્ષી આહાર લેવો.

મિથુન : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે.

કર્ક : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે.

સિંહ : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે. અપરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે.

કન્યા : વ્યાપાર મધ્યમ રહશે. આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

તુલા : કાર્યોમાં ઉન્નતિ થશે. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

વૃશ્ચિક : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બને છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

ધન : ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. શત્રુઓથી હાની થવાની આશંકા રહેશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે.

મકર : સ્વયં યોજના મુજબ કાર્ય કરવું. ક્રોધ અને આવેશ પર સંયમ રાખવો. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે. ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે.

કુંભ : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. નવા સંબંધો બંધાશે. કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો.

મીન : વ્યપારી વર્ગથી લાભ થવાની શકયતા છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો.

ચિરવિદાય

- સ્વ. કૈલાસબેન વિસાભાઈ પટેલ (ઉ.વ.૫૧) ગામ - રૂપાલ, તા.જી. ગાંધીનગર